# ફાઈનાન્સ સિવાય વર્લ્ડ બેન્કે ભારત-પાક.ની સંધિમાં મધ્યસ્થી કરી હતી

ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી (જીએનએલયુ) ખાતે 'ઇન્ટરનેશનલ લૉ અને વર્લ્ડ બેન્ક ' પર લેક્ચરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લેક્ચરમાં સ્પીકર તરીકે વોશિંગ્ટન ડીસી, વર્લ્ડ બેન્કના લીડ કાઉન્સિલર વિક્રમ રાઘવન ઉપસ્થિત રહ્યા હતા. આ વિષય પર વાત કરતા તેઓએ કહ્યું કે, મોટાભાગનું યુરોપ બીજા વિશ્વયુદ્ધ વખતે આઘાતમાં હતું. સતત થઇ રહેલા આકાશમાંથી બોમ્બની વર્ષાને કારણે મોટાભાગના શહેરો અને સ્પિશ્યલી ઇન્ડસ્ટ્રીયલ ફેસિલિટીઝને ખૂબ મોટો માર પડ્યો હતો, જેમાં ટ્રાન્સપોર્ટેશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર જેમ કે રેલવે, બ્રીજ અને બંદરોને એરસ્ટ્રાઇકમાં ટાર્ગેટ કરવામાં આવ્યા અને મર્ચંડ શિપિંગ પણ ડુબાડી દેવામાં આવ્યા હતા આવા સમયે એ સ્થળે પૈસાનું આવાગમન સંપૂર્ણ રીતે ખોરવાઇ ગયુ હતું. આવી પરિસ્થિતિીં જુલાઇ ૧૯૪૪માં આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (આઇએમએફ) અને ઇન્ટરનેશનલ બેન્ક ફોર રિસ્ટ્રક્શન એન્ડ ડેવલપમેન્ટ (આઇબીઆરડી)ની રચના થઇ હતી.



## વર્લ્ડ બેન્કે ૧૯૪૯માં ઇન્ડિયન રેલવે માટે ૩૪ મિલિયન ડૉલરની લોન આપી હતી

વર્લ્ડ બેન્ક પાસેથી લોન મેળવનાર પહેલો દેશ ફ્રાન્સ હતો. તેને ૨૫૦ મિલિયન ડોલરની લોન આપી હતી. જે આપતી વખતે સખત શરતો કરવામાં આવી હતી અને ત્યારબાદ ફ્રેન્ચ ગવર્મેન્ટ પરિસ્થિતિ પ્રમાણે તે રકમ વાપરી રહી છે કે નહી તેની ખરાઈ કરી અને ઝીણવટભરી નજર રાખી હતી. ભારતની વાત કરીએ તો વર્લ્ડ બેન્કે ભારતને લોન આપવાની શરૂઆત ૧૯૪૯માં કરી. પહેલી લોન ઇન્ડિયન રેલવે માટે આપી હતી જેની રકમ ૩૪ મિલિયન ડોલર હતી.

## સિંધુ નદીના પાણીનો વિવાદ ભારત- પાકિસ્તાનના ઈકોનોમિક ડેવલપમેન્ટમાં બાધારૂપ બની શકે તેમ હતો

વર્લ્ડ બેન્કને ભારત- પાકિસ્તાનની ઇકોનોમી પ્રોગ્રેસમાં રસ હતો અને તેઓ ચિંતાતૂર હતા કે સિંધુ નદીના પાણીનો વિવાદ આ ડેવલપમેન્ટમાં બાધારૂપ બની શકે છે. આ માટે ફાઇનાન્સિંગ ઉપરાંત વર્લ્ડ બેન્કે ભારત-પાકિસ્તાનની સંધિમાં મધ્યસ્થીની ભૂમિકા ભજવી હતી. ૧૦ વર્ષની ટેકનિકલ વાટાઘાટો બાદ સપ્ટેમ્બર- ૧૯૬૦ના રોજ પ્રાઇમ મિનિસ્ટર જવાહરલાલ નહેરુ અને પાકિસ્તાનના અયુબખાને ઇન્ડસ વોટર ટ્રીટી સાઇન કરી હતી. - **વિક્રમ રાઘવન, લીડ કાઉન્સીલર ઓફ વર્લ્ડ બેન્ક**

Scanned by CamScanner